# સ્કારબોરો લીલું ("ગ્રીન") બની રહયું છે

## અંક 2 – ઓક્ટોબર 2003

## <u>સ્કારબોરોઃ તમે લીલા ("ગ્રીન") બનીને ખરેખર સારા લાગો છો!</u>

લોકોની પ્રવૃત્તિઓ એમના વિચારોનો પ્રતિબિંબ છે.

તમને ખબર છે કે સ્કારબોરોના રહેવાસીઓ શું ***કરે છે?*** તમારામાંના 90% થી વધારે લોકો લીલા બિનો ભરી રહયા છો અને દર અઠવાડીએ કચરો ઉઠાવવાના દિવસે રસ્તાના કિનારાપર મૂકો છો. એ તો ઘણું સરસ અને પ્રોત્સાહનદાયક પગલું છે!

એવું સ્પષ્ટ લાગે છે કે સ્કારબોરોના રહેવાસીઓ વિચારે છે કે ગ્રીન બિન કાર્યક્રમ અગત્યનો છે અને પ્રયત્ન કરવા લાયક છે. અમારી આ નવી યોજનાને ઉત્સાહપૂર્વક સ્વીકાર કરવા માટે અને તમારી કમ્યૂનિટિ અને વાતાવરણની કાળજી માટે તમારો આભાર.

દરેક વખતે જ્યારે તમે ઓર્ગેનિક કચરો, જેમ કે ખોરાક-બગાડ અને ખાવાની વસ્તુઓની વાપરેલી કાગળની પેકેજીંગ ને જુદું પાડશો (વિગતવાર માહિતી માટે જુઓ પાનું 4, "તમારા લીલા બિનમાં શું મૂકવું (અને શું નહિ)", તો તમને હર્ષ થશે કે ટોરોન્ટોના ઘરોથી લેન્ડફિલમાં જતા કચરામાં તમે જાતે ઘટાડો કરો છો.

### <u>આ આંકડાઓ ઉપર ધ્યાન આપો!</u>

- સ્કારબોરોના દરેક ઘરથી દર અઠવાડીએ નીકળતો લીલા બિનનો ઓર્ગેનિક કચરો : 4 કિલોગ્રામ
- આજ સુધીના આંકડાઓ પ્રમાણે, મિશિગન લેન્ડફિલમાં જતાં ઓર્ગેનિક કચરામાં દર વર્ષે અંદાજી ઘટાડો : 23,000 ટન
- સ્કારબોરોના પ્રયત્નોનો આભાર : મિશિગન લેન્ડફિલમાં જતી ટ્રકોની સંખ્યામાં દર વર્ષે અંદાજી ઘટાડો : 670

## <u>લેન્ડફિલને ટાળો</u>

છેલ્લી વસંત ઋતુએ ટોરોન્ટો સિટિએ તમને જે ઘરની બહાર રાખવાનું લીલું બિન તેમજ રસોડામાં રાખવાનું નાનું બદામી રંગનું બિન તમારા ઘરે પહોચાડયા હતા, તેમની સાથે તમે તેટલાજ વાકેફ થઇ ગયા હશો જેટલા કે તમે નીલા અને ભૂખરા ડબાઓ સાથે થઇ ગયા છો.

તમારા નવા લીલા અને બદામી બિનો, રીસાયકલ કન્ટેનરોના પરિવારમાં શામિલ થઇ ગયા છે. વર્ષ 2010 સુધી લેન્ડફિલને સમાપ્ત કરી દેવાની ટોરોન્ટો સિટિની યોજનાનું આ એક નવું પગલું છે.

આ શહેરની કીલ વૈલી લેન્ડફિલ 2002 માં બંધ થઇ ગઇ હતી, અને હવે ટોરોન્ટો પોતાનો કચરો ટ્રકથી મિશિગન, યૂ.એસ., પહોચાડે છે. જો કે લેન્ડફિલના કામ સંબંધિત ઘણા સખત કાયદા-કાનૂનો છે, સાચી વાત તો એ છે કે આપણા જગતના કોઇપણ ભાગને લેન્ડફિલ રીતે વાપરવું સારું નથી.

મોટે ભાગે લોકોને ખબર નથી કે લેન્ડફિલમાં જતા કચરાનો લગભગ 30% ભાગ ઓર્ગેનિક કચરો હોય છે. ગ્રીન બિન કાર્યક્રમ, આ ઓર્ગેનિક કચરાને લેન્ડફિલથી "ફેરવીને" વાપરવા લાયક ખાતર બનાવે છે.

આ કાર્યક્રમ, સભ્ય નાગરિક પ્રમાણે પોતાની સ્વચ્છતાની કાળજી પોતેજ રાખવાની અમારી યોગ્યતાને સાબિત કરવાનો અમને અવસર આપે છે.

## <u>ગ્રીન બિન કાર્યક્રમ કેવી રીતે કામ કરે છે?</u>

1. તમારા રસોડાના ઇનડોર કન્ટેનરમાં અસ્તર માફક પ્લાસ્ટિક બેગ લગાડો (કોઇ ખાસ બેગ ખરીદવાની જરૂર નથી; તમારી વાપરેલી મોદીની બેગ ચાલશે), અથવા તમારા લીલા બિનમાં અસ્તર લગાડો. બન્ને બિનોમાં અસ્તર લગાડવું જરૂરી નથી.
2. બીજી કોઇ પ્લાસ્ટિકની વસ્તુઓનો સમાવેશ કરશો નહિ; દા.ત., પ્લાસ્ટિકની કોથળીઓ, બ્રેડની બેગ, પ્લાસ્ટિકની પેકેજીંગ (આ બધી નાની વસ્તુઓ આપણા પ્રોસેસિંગ સિસ્ટમમાં વિઘ્ન પાડે છે).

3. તમારા રસોડાના ઇનડોર કન્ટેનરની સામગ્રી (પ્લાસ્ટિક બેગ સહિત) તમારા બહારના લીલા બિનમાં ખાલી કરો. (તમારા બેગને એવી રીતે ઢીલાશથી બાંધો અથવા સરળ વળ વાપરો કે સિટિના પ્રોસેસિંગ પ્લાન્ટના કર્મચારીઓ એને સહેલાઇથી ખોલી શકે).
4. કચરો લઇ જવાના દિવસે સવારનાં 7 વાગ્યા પહેલાં તમારા લીલા બિનને રસ્તાને કિનારે મૂકો (એ જાણવા માટે કે બહાર શું મૂકવું અને ક્યારે મૂકવું*, મહેરબાની કરીને કચરો ભેગો કરવાનું સમયપત્રક જુઓ અથવા www.toronto.ca/garbage પર જાઓ).
5. બહાર મૂકતાં પહેલાં તમારા બિનનું ઢાકણું સારી રીતે બંધ કરો, અને ચોક્કસ કરો કે જે પ્લાસ્ટિક બેગ તમે લીલા બિનમાં અસ્તર રીતે વાપરી છે તે બિનની અંદર સારી રીતે ચાલી ગઇ છે (નહિ તો, પશુ-જાનવરો એની કિનારી પકડીને બિનને પલટી નાખશે).
6. તમારા લીલા બિનને હદથી વધારે ભરશો નહિ. 20 કિલોગ્રામ (44 પાઉન્ડ) થી વધારે વજનની બિન કે બેગને ઉઠાવવામાં આવશે નહિ. લીલા બિનના વધુ પડતા કચરાને પારદર્શક પ્લાસ્ટિક બેગમાં મૂકીને બિનની પાસે મૂકો, અથવા $15 માં બીજું બિન ખરીદો (જુઓ પાનું 3, "નવા બિનો ક્યાંથી મેળવી શકાય").
7. કચરો ભેગો કરવાની ગાડીઓ, તમારા લીલા બિનની વસ્તુઓને રસ્તાના કિનારાથી ઉઠાવશે, અને સિટિના ટ્રકના બે ખંડોમાંથી એક માં મૂકશે. પછી આ વસ્તુઓ શહેરની ડફરિન ઓર્ગેનિક્સ પ્રોસેસિંગ પ્લાન્ટમાં લઇ જવામાં આવશે.
8. ત્યાં તપાસ કરનારાઓ, આ ઓર્ગેનિક કચરાની તપાસ કરે છે અને મોટી કામ વગરની વસ્તુઓ છૂટી પાડે છે. "એનોરોબિક ડાયજેશ્ચન"** નામની એક જીવ વિજ્ઞાનિક પદ્ધતિ આ કચરાને ઘન પદાર્થમાં ફેરવે છે, જેનાથી પછી ચોખ્ખું અને વાપરવા લાયક ખાતર બનાવવામાં આવે છે.
9. તમે બન્ને બિનોને સાબુ અને પાણીથી ધોઇ શકો છો. તમારા ઇનડોર કન્ટેનરને ડિશવોશરમાં મૂકશો નહિ.

** ખોટા દિવસે મૂકેલા કચરાને ઉઠાવવા સિટિ ટ્રક મોકલશે નહિ.*
*** "એનોરોબિક ડાયજેશ્ચન" એક ખાસ રીતે બનાવેલી જીવ વિજ્ઞાનિક પદ્ધતિ છે જે ઓર્ગેનિક પદાર્થને ઓક્સિજનની ગેરહાજરીમાં ઘટકમાં છૂટો પાડે છે અને "બાયો ગેસીના" આકારમાં ફરીથી વાપરવા લાયક "એનર્જી" બનાવે છે (જેમ કે, મીથેન અને કાર્બન ડાયઓક્સાઇડ).*

## <u>આ ભ્રામક દેખાવથી બેવકૂફ બનશો નહિ!</u>

ઘણા રહેવાસીઓને એમ લાગે છે કે તેમના લીલા બિનનો ઓર્ગેનિક કચરો અને સામાન્ય કચરો કલેકશન ટ્રકના એકજ ખંડમાં ફેંકવામાં આવે છે. પણ ચિંતા કરશો નહિ! તમારી બારીમાંથી કે પ્રવેશ માર્ગથી એ દેખાતું ન હશે કે સિટિના કલેકશન ટ્રકમાં બે જુદા જુદા ખંડો હોય છે. લીલા બિનની વસ્તુઓ એક ખંડમાં અને સામાન્ય કચરો કે રીસાયકલ કરવા લાયક પદાર્થો બીજા ખંડમાં જાય છે.

## <u>તમે પૂછ્યું હતું ...</u>

કસ્ટમર સર્વિસને 416-338-2010 પર ફોન કરીને રહેવાસીઓએ જે સવાલો પૂછ્યા છે તે મોટે ભાગે નીચે પ્રમાણે છે.

### *શું પશુ-જાનવરો (રેકૂન્સ) લીલા બિનમાં પ્રવેશ કરી શકે?*

બિનો ટકાઉ હોય છે અને એવી મજબૂતાઇથી બનાવવામાં આવે છે કે તે પશુ-જાનવરોની સામે ટક્કર લઇ શકે. પશુ-જાનવરોથી બચવા તમે વધારે પગલા લઇ શકો છો.
1. બહાર મૂકતાં પહેલાં તમારા લીલા બિનનું ઢાકણું સારી રીતે બંધ કરવાનું યાદ રાખો.
2. જો તમે બહારના લીલા બિનની અંદર અસ્તર રીતે બેગ લગાડો (પૂરેપૂરું ઐચ્છિક), તો બહાર મૂકતાં પહેલાં બેગને ઢીલાશથી બાંધો (ટ્વિસ્ટ ટાઇઝ વાપરશો નહિ) અને સારી રીતે ખાતરી કરો કે અસ્તર બિનની અંદર પૂરેપૂરું ચાલી ગયું છે; નહિ તો પશુ-જાનવરો એની કિનારી પકડીને બિનને પલટી નાખશે.
3. જો તમે તમારા લીલા બિન તમારા બેકયાર્ડમાં રાખતા હો, તો ઢાંકણાને સારી રીતે નાના દોરડાંથી બન્ને મૂઠો સાથે બાંધી રાખો. રસ્તાના કિનારે મૂકતાં પહેલાં દોરડાને જુદું કરો (લાંબા દોરડાંથી કામ ચાલશે નહિ).
4. જો શક્ય હોય તો, બિનને એક રાત પહેલાં મૂકવાને બદલે તેજ દિવસે સવારે મૂકો.

### *મારા લીલા બિન અને રસોડાના કન્ટેનરમાં અસ્તર માફક પ્લાસ્ટિક બેગ લગાડવું જરૂરી છે?*

હા - પણ બન્ને બિનોમાં અસ્તર લગાડવું જરૂરી નથી. તમે તમારા લીલા બિનમાં અસ્તર માફક પ્લાસ્ટિક બેગ લગાડી શકો છો (કોઇપણ ઠીક માપનું બેગ ચાલશે), અથવા તમારા રસોડાના ઇનડોર કન્ટેનરમાં પ્લાસ્ટિક બેગ લગાડી શકો છો (કોઇ ખાસ બેગ ખરીદવાની જરૂર નથી; તમારી વાપરેલી મોદીની બેગ ચાલશે). **તમારા ઓર્ગેનિક કચરાને લીલા બિનમાં ખુલ્લી રીતે મૂકશો નહિ.** કન્ટેનરોમાં પ્લાસ્ટિક અસ્તર દુર્ગંધ ઘટાડે છે, કચરો ઉઠાવતી વખતે કચરાની છલક રોકે છે, શિયાળમાં ઓર્ગેનિક્સને બિનના અંદરની બાજુ ઠરીને ચીપકવાથી બચાવે છે. સિટિ પ્રોસેસિંગ પ્લાન્ટના કર્મચારીઓ તમારા બિનમાં લગાવેલા પ્લાસ્ટિક બેગને કાઢી શકે છે. મહેરબાની કરીને તમારા લીલા બિનમાં બીજું કોઇ પ્લાસ્ટિક મૂકશો નહિ. તમારા બેગને ઢીલાશથી બાંધો અથવા સરળ વળ વાપરો (ટ્વિસ્ટ ટાઇઝ વાપરશો નહિ!). આ કરવાથી કર્મચારીઓ બેગને સહેલાઇથી ઉઘાડી શકે છે.

### *કચરો ઉઠાવવાના દિવસ પહેલાં જો મારું લીલું બિન પૂરેપૂરું ભરાઇ જાય કે બેહદ વજનદાર થઇ જાય તો મારે શું કરવું?*

20 કિલોગ્રામ (44 પાઉન્ડ) થી વધારે વજનની બિન કે બેગને ઉઠાવવામાં આવશે નહિ, એ કારણે વધુ પડતા કચરા માટે પારદર્શક પ્લાસ્ટિક બેગ વાપરો (મહેરબાની કરીને ફક્ત એકજ મોટી બેગ વાપરો – નાની જુદી જુદી બેગો નહિ). અમારી સલાહ છે કે તમે વધુ પડતા કચરાની બેગ, ખાવાની વસ્તુઓ સિવાય બીજી વસ્તુઓ માટે વાપરો (દાખલા તરીકે, ડાયપર, પશુ-જાનવરોની છાણ) કારણકે એ પશુ-જાનવરોને આકર્ષિત કરશે નહિ. તમે ઘરની બહાર રાખવાનું નવું લીલું બિન $15 માં અને રસોડાનો ઇનડોર કન્ટેનર $4 માં ખરીદી શકો છો.

**નવા બિનો ક્યાંથી મેળવી શકાય?**
સ્કારબોરો ટ્રાન્સફર સ્ટેશન
1 ટ્રાન્સફર પ્લેસ (માર્ખમ રોડની ઉત્તરમાં, નગેટ એવન્યૂની ડાબી બાજુ)
મંગળવારથી શુક્રવાર, સવારના 6 વાગ્યાથી સાંજના 5:30 વાગ્યા સુધી
શનિવાર, સવારના 6:30 વાગ્યાથી બપોરના 12:30 વાગ્યા સુધી

### *જો લીલું બિન તૂટી જાય તો મારે શું કરવું?*

બિન બનાવનારાએ બિનોની સંપૂર્ણ રીતે કસોટી કરી છે, અને પાચ વર્ષોની ખાતરી આપી છે. ટોરોન્ટો સિટિએ વધારે કસોટી કરી હતી, જેમાં "ડ્રોપ ટેસ્ટ" નો સમાવેશ હતો. બન્ને, કચરો ભેગા કરનારાઓ અને વિશેષજ્ઞોએ પણ બિનોની પરખ કરી હતી. જો તમારા બિનો ફાટી જાય કે તૂટી જાય, તો મહેરબાની કરીને સ્કારબોરો ટ્રાન્સફર સ્ટેશનમાં લઇને જાઓ (ઉપર જુઓ, "નવા બિનો ક્યાંથી મેળવી શકાય"), અથવા કસ્ટમર સર્વિસને વધારે માહિતી માટે 416-338-2010 પર ફોન કરો. (રહેવાસીઓને અમારી સલાહ છે તે લીલા બિન ઉપર પોતાનું સરનામું ટકાઉ માર્કરથી લખો.)

www.toronto.ca/greenbin *પર તમને વધારે સવાલ-જવાબો મળશે – જુઓ, "વારંવાર પૂછાતા સવાલો."*

## સરસ ખબર! તમારા નીલા અને ભૂખરા ડબાઓ બોજ ઓછો કરે છે

સિટિ તમારા ભૂખરા ડબાના રીસાયકલ યોગ્ય પદાર્થો એક પ્રોસેસિંગની જગ્યાએ મોકલતી હતી, અને તમારા નીલા ડબાના પદાર્થો બીજી જગ્યાએ. નવી ટેકનોલોજીથી આ કાર્ય સહેલું થઇ ગયું છે. ઓગસ્ટ મહિનાથી સિટિ, સ્કારબોરારના બન્ને નીલા અને ભૂખરા ડબાઓનો કચરો એકજ જગ્યાએ મોકલશે; એકદમ નવી સગવડ જ્યાં બન્ને જાતના કચરાને પૃથક કરવાની અને પ્રોસેસિંગ કરવાની કાબેલિયત છે.

આખા શહેરમાં, આ પદ્ધતિના વપરાશથી રીસાયકલ યોગ્ય કચરાને ભેગા કરવા માટે જોઇતી ટ્રકોની સંખ્યામાં ઘટાડો થશે, જેથી કચરો ભેગો કરવાની કિંમતમાં બચત થશે અને ટ્રાફિક અને એયર-પોલ્યૂશનમાં ઘટાડ થશે. આ નવી પદ્ધતિના કારણે કચરો ભેગો કરનારાઓ હવે સ્કારબોરોના નીલા અને ભૂખરા ડબાઓના કચરાને ટ્રકના એકજ ખંડમાં મૂકે છે.

***શું રહેવાસીઓને કંઇક જુદી રીતે કામ કરવાની ગરજ છે?*** નહિ, જરાએ નહિ. તમે તમારા ડબાઓને જેવી રીતે અત્યારે વાપરો છો તેવી રીતેજ વાપરતા રહો – અથવા તમે બન્ને નીલા અને ભૂખરા ડબાઓના કચરાને એકજ ડબામાં મૂકી શકો છો. ફાયદો: જો કચરો ભેગો કરવાના દિવસે તમારી પાસે રીસાયકલ યોગ્ય ઘણો કચરો ના હોય તો, તમને રસ્તાના કિનારે ફક્ત એકજ ડબો મૂકવો પડશે (કોઇપણ રંગનો – તમે પસંદ કરો!)

શું અમને બન્ને નીલા અને ભૂખરા ડબાઓની હજુપણ ગરજ છે? કદાચ નહિ. જેમ જેમ ડબાઓ ઘસાઇને ફાટીતૂટી જાય અને એને બદલવાની ગરજ પડે, તેમ તેમ આ પદ્દધતિ આપોઆપ એક-કન્ટેનર પદ્દધતિ બનતી જશે. વધારે માહિતી માટે જાહેરાત ઉપર ધ્યાન રાખો.

## <u>તમારા લીલા બિનમાં શું મૂકવું (અને શું નહિ)</u>

### લીલા બિનમાં મૂકો …

ફળ, શાકભાજીના કટકા
માંસ, શૈલફિશ, માછલીના પદાર્થ
પાસ્તા, બ્રેડ, સિરિઅલ
દૂધ-ઘીના પદાર્થો, ઈંડાના કોચલા
કોફીની ભૂકી, ફિલ્ટર્સ, ચાની બેગ
વાપરેલા પેપર ટુવાલ, ટિશ્યૂઝ
ખાવાની વસ્તુઓની વાપરેલી કાગળની પેકેજીંગ: "ફાસ્ટ ફૂડ" કાગળની પેકેજીંગ, આઇસક્રીમના ડબા, મફિનના પેપર, લોટ અને ખાંડની બેગ
કોફીના પેપર કપ, પેપર પ્લેટ
કેન્ડી, કુકી, કેક
ભૂંજનની સામગ્રી, હર્બ, મસાલા
માટી સાથેના નાના છોડ
ડાયપર, સ્ત્રીઓ માટેની સેનેટરી વસ્તુઓ
પશુ-જાનવરોની છાણ, પાથરણ (દા.ત., પક્ષીના પીંજરાથી), બિલાડીઓનો મળમૂત્ર
પાળેલા પ્રાણીઓનો ખોરાક

*ગ્રીન બિન કાર્યક્રમ, એક એનોરોબિક જીવ વિજ્ઞાન પદ્દધતિ વાપરીને ઓર્ગેનિક પદાર્થોને ઓક્સિજનની ગેરહાજરીમાં ઘટકમાં છૂટા પાડીને ખાતર બનાવે છે. આજ કારણ છે કે આ કાર્યક્રમ તે બધા ઓર્ગેનિક પદાર્થો સ્વીકાર કરી શકે છે જે તમે ઘરે ખાતરમાં બદલી નથી શકતા.*

### મહેરબાની કરીને નીચે લખેલી વસ્તુઓનો સમાવેશ કરશો નહિ (એ ભાંગી શકે નહિ જેથી એનું ખાતર બની શકતું નથી):

પ્લાસ્ટિકના આચ્છાદન, કોથળા, સેંડવિચ બેગ
પ્લાસ્ટિકની વસ્તુઓ જેમ કે ખાવાની વસ્તુઓના પાત્ર (દા.ત., દહીં અથવા માર્જરીનના ડબા), છરી-ચાકા
દૂધની પ્લાસ્ટિક બેગ
સ્ટાયરોફોમ, મીટ ટ્રે લાઇનર્સ
ફોઇલ
વેક્સ પેપર
બનાવટી ફૂલો
ચામડાં, વસ્ત્ર, પોશાક
ગાલીચા, જાજમ
સિગરેટના ઠૂંઠાં, તમાકુ
બૂચ (વાઇન બાટલી વગેરેના)
ચૂઈંગ ગમ
કાન સાફ કરવાની વસ્તુઓ, કપાસના ગોળા, મેક-અપ સાફ કરવાની સામગ્રી
બાળકોને સાફ કરવાના કાપડ
સફાઇના ફેંકી દેવા જેવા કાપડ
ડ્રાયર લિન્ટ, ડ્રાયર શીટ્સ
વેક્યૂમની થેલીઓ અને એમાં આવતી વસ્તુઓ
પીંછાં
વાળ, પાળેલા પ્રાણીના ફર
ફાયરપ્લેસ અથવા બાર-બે-ક્યૂની રાખોડી
લાકડાની વસ્તુઓ, લાકડાની ચીપ્સ (પશુ-જાનવરોની પાથરણ સિવાય બીજી)

*ભૂલશો નહિ: હેલોઇન બાદ, તમારા પમ્પકિનને ઉઠાવવા માટે લીલા બિનની અંદર, ઉપર, કે પાસે મૂકો.*

**કોઇ સવાલો?  વધારે માહિતી જોઇએ છે?**

ગ્રીન બિન કાર્યક્રમ બાબત તમારો કોઇ પ્રશ્ન હોય તો ટોરોન્ટો સિટિના કસ્ટમર સર્વિસને 416-338-2010 પર ફોન કરો અથવા www.toronto.ca/greenbin પર અમારી વેબ-સાઇટ જુઓ.